Signature of Invigilators

1. ................................

2. ................................

# GUJARATI
## Paper II

Roll No. ☐☐☐☐☐

(In figures as in Admit Card)

Roll No. ......................................

......................................

(In words)

**JY—04/6**

Name of the Areas/Section (if any).......................

Time Allowed : 75 Minutes] [Maximum Marks : 100

SEAL

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of *fifty* **(50)** multiple choice type questions. *All* questions are compulsory.
3. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter should entirely be contained within the corresponding square.

   Correct method **A** Wrong Method A or **A**
4. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under paper II only.
5. Read instructions given inside carefully.
6. One sheet is attached at the end of the booklet for rough work.
7. You should return the test booklet to the invigilator at the end of paper and should not carry any paper with you outside the examination hall.

**પરીક્ષાર્થીઓ માટેની સૂચનાઓ :**

૧. આ પાનાની ટોચમાં દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.

૨. આ પ્રશ્નપત્રમાં કુલ **પચાસ (50)** બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા પ્રશ્નો આપેલા છે. **બધા જ** પ્રશ્નો ફરજિયાત છે.

૩. પ્રત્યેક પ્રશ્ન વધુમાં વધુ ચાર બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવે છે. જે (A), (B), (C) અને (D) વડે દર્શાવવામાં આવ્યા છે. પ્રશ્નનો ઉત્તર કેપીટલ સંજ્ઞા વડે આપવાનો રહેશે. ઉત્તરની સંજ્ઞા આપેલ ખાનામાં બરાબર સમાઈ જાય તે રીતે લખવાની રહેશે.

   ખરી રીત : **A** ખોટી રીત : A , **A**

૪. આ પ્રશ્નપત્રના જવાબ આપેલ ICR Answer Sheet ના Paper II વિભાગની નીચે આપેલ ખાનાંઓમાં આપવાના રહેશે.

૫. અંદર આપેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચો.

૬. આ બુકલેટની પાછળ આપેલું પાનું રફ કામ માટે છે.

૭. પરીક્ષા સમય પૂરો થઈ ગયા પછી આ બુકલેટ જે તે નિરીક્ષકને સોંપી દેવી. કોઈપણ કાગળ પરીક્ષા ખંડની બહાર લઈ જવો નહીં.

# GUJARATI
# ગુજરાતી
## PAPER-II
## પ્રશ્નપત્ર-II

*Note* : This paper contains **fifty (50)** multiple-choice questions, each question carrying **Two (2)** marks. Mark the correct response in the answer-sheet. All questions are compulsory.

**નોંધ** : આ પ્રશ્નપત્રમાં **પચાસ (૫૦)** બહુવિકલ્પ પ્રશ્નો છે. દરેક પ્રશ્નના **બે(૨)** ગુણ છે. બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે.

1. 'સિદ્ધહેમ'ના કર્તા કોણ છે :
   (A) જયશંકર સુન્દરી  (B) મમ્મટ
   (C) જયશેખર સૂરિ  (D) હેમચન્દ્રાચાર્ય

2. 'સેહની' કોનું ઉપનામ છે?
   (A) બલવન્તરાય ઠાકોર  (B) કનૈયાલાલ મુનશી
   (C) રાજેન્દ્ર શાહ  (D) યશવંત પંડયા

3. 'ગિરિસર સમું હંસોનો જે કલધ્વનિ રેલતું' પંક્તિનો છંદ દર્શાવો :
   (A) મન્દાક્રાન્તા  (B) શિખરિણી
   (C) હરિણી  (D) પૃથ્વી

4. 'અગતિગમન' કાવ્યનો પ્રકાર કયો છે?
   (A) ખંડકાવ્ય  (B) સોનેટ
   (C) આખ્યાન  (D) ગીત

5. 'આઘે ઊભાં તટઘુમસ જેમાં દ્રુમો નિંદ સેવે'–માં કયો અલંકાર છે?
   (A) ઉપમા  (B) રૂપક
   (C) અતિશયોક્તિ  (D) સજીવારોપણ

6. 'ગોળધાણા'–કયો સમાસ છે?
   (A) દ્વન્દ્વ  (B) કર્મધારય
   (C) બહુવ્રીહિ  (D) દ્વિગુ

7. ‘પોએટિક્સ’ના કર્તા કોણ છે?

(A) સોક્રેટિસ (B) પ્લેટો

(C) એરિસ્ટોટલ (D) એરિસ્ટોફેનસ

8. સુધારક યુગના સર્જક છે :

(A) ‘દર્શક’ (B) મહીપતરામ નીલકંઠ

(C) ઉમાશંકર જોશી (D) મનસુખલાલ ઝવેરી

9. ‘ગુજરાતી કવિતાનો આસ્વાદ’ના કર્તા કોણ છે?

(A) મલયાનિલ (B) રામનારાયણ પાઠક

(C) સુરેશ જોષી (D) સુન્દરમ્

10. ‘કલ્પનવાદ’ના અગ્રણી ગણાય છે :

(A) વોલ્ટર પેટર (B) બોદ્‌લેર

(C) એઝરા પાઉણ્ડ (D) એમિલિ ઝોલા

11. ‘એક એક પે અદકાં મોતી રાજમાતા ટગ ટગ જોતી’–પંક્તિના કવિ કોણ છે?

(A) દયારામ (B) નરસિંહ

(C) શામળ (D) પ્રેમાનંદ

12. ‘ધીમે ધીમે ઢાળ ઊતરતી ટેકરીઓની સાખે તમને ફૂલ દીધાનું યાદ’–પંક્તિના કવિ કોણ છે?

(A) અનિલ જોશી (B) વિનોદ જોશી

(C) રમેશ પારેખ (D) માધવ રામાનુજ

13. મંજરી કઈ નવલકથાનું પાત્ર છે?

(A) દિવ્યચક્ષુ (B) ગુજરાતનો નાથ

(C) સરસ્વતીચંદ્ર (D) ઝેર તો પીધાં છે જાણી જાણી

14. જગદીપ કયા નાટકનું પાત્ર છે?

(A) મિથ્યાભિમાન (B) કાકાની શશી

(C) રાઈનો પર્વત (D) લક્ષ્મી

15. બે સાહિત્યકારો ગાંધીયુગના છે :

(અ) સ્નેહરશ્મિ (બ) દ્વિરેફ

(ક) નરસિંહરાવ (ડ) નિરંજન ભગત

(A) ક અને ડ (B) બ અને ક

(C) ડ અને બ (D) અ અને બ

16. આ બે પશ્ચિમના સાહિત્યપ્રકારો છે :

(અ) નવલકથા (બ) ખંડકાવ્ય

(ક) આખ્યાન (ડ) સૉનેટ

(A) અ અને ડ (B) બ અને ક

(C) ક અને ડ (D) ડ અને બ

17. કયા બે ગ્રંથ આધુનિક યુગના છે?

(અ) કાવ્યની શકિત (બ) કથોપકથન

(ક) કાવ્યબાની (ડ) અર્વાચીન કવિતા

(A) અ અને બ (B) ડ અને ક

(C) ક અને બ (D) ક અને અ

18. આ બે પશ્ચિમનાં મહાકાવ્યો છે :

(અ) ઓડિસી (બ) પેરેડાઈઝ લોસ્ટ

(ક) ધ વેસ્ટ લેન્ડ (ડ) ધ ફલાવર્સ ઓવ ઈવિલ

(A) ક અને ડ (B) ડ અને બ

(C) અ અને બ (D) અ અને ક

19. આ બે સંસ્કૃત સાહિત્યની કૃતિઓ છે :

(અ) ઉત્તરરામચરિત (બ) વસુદેવહિંડી

(ક) મૃચ્છકટિક (ડ) અપિ ચ

(A) અ અને બ (B) અ અને ક

(C) બ અને ક (D) ક અને ડ

20. આ સાહિત્યકારોએ કાવ્ય અને નાટયક્ષેત્રે મહત્ત્વનું અર્પણ કર્યું છે :

(અ) ઉમાશંકર જોશી

(બ) નરસિંહરાવ દીવેટિયા

(ક) ગોવર્ધનરામ

(ડ) સિતાંશુ યશશ્ચન્દ્ર

(A) અ અને ક

(B) બ અને ડ

(C) ડ અને બ

(D) અ અને ડ

21. આ બે આપણા જાણીતા ભાષાવિજ્ઞાનીઓ છે :

(અ) નર્મદ

(બ) પ્રબોધ પંડિત

(ક) નરસિંહરાવ દીવેટિયા

(ડ) દલપતરામ

(A) અ અને બ

(B) ક અને બ

(C) ક અને ડ

(D) ડ અને અ

22. આ બે નોબેલ પારિતોષિક વિજેતા સાહિત્યકારો છે :

(અ) રવીન્દ્રનાથ ટાગોર

(બ) ઉમાશંકર જોશી

(ક) શરત્ચંદ્ર ચટ્ટોપાધ્યાય

(ડ) આલ્બેર કામૂ

(A) અ અને ડ

(B) અ અને બ

(C) બ અને ક

(D) ક અને ડ

23. માહિતી ક : 'ધ્વનિ' કાવ્યસંગ્રહના કર્તા રાજેન્દ્ર શાહ છે.

માહિતી ખ : 'વસુધા' કાવ્યસંગ્રહના કર્તા સુન્દરમ્ છે.

(A) ક અને ખ બંને ખોટાં છે

(B) ક સાચું છે, ખ ખોટું છે

(C) ક અને ખ બંને સાચાં છે

(D) ખ સાચું છે, ક ખોટું છે

24. માહિતી ક : 'લોચન' 'ધ્વન્યાલોક'ની ટીકા છે.

માહિતી ખ : 'અભિનવ ભારતી' નાટયશાસ્ત્રની ટીકા છે.

(A) ક સાચું છે, ખ ખોટું છે

(B) ક અને ખ બંને સાચાં છે

(C) ખ સાચું છે, ક ખોટું છે

(D) ક અને ખ બંને ખોટાં છે

25. માહિતી ક : 'યુદ્ધ અને શાંતિ' શેકસપિયર રચિત ટ્રેજેડી છે.

માહિતી ખ : 'વન હન્ડ્રેડ યર્સ ઓવ સોલિટયુડ' કાફકા રચિત નવલકથા છે.

(A) ક અને ખ બંને ખોટાં છે (B) ખ સાચું છે, ક ખોટું છે

(C) ક સાચું છે, ખ ખોટું છે (D) ક અને ખ બંને સાચાં છે

26. બે વાકયોથી બનેલું કયું યુગ્મ પૂરેપૂરું ખોટું છે :

(A) 'સાપના ભારા'ના કર્તા ઉમાશંકર જોશી છે. 'વાસુકિ' ઉમાશંકર જોશીનું ઉપનામ છે

(B) 'સરસ્વતીચંદ્ર' ગાંધીયુગની મહાન નવલકથા છે. સુરેશ જોશી 'સરસ્વતીચંદ્ર' નવલકથાના ભારે પ્રશંસક વિવેચક છે

(C) 'શિખંડી'ના કર્તા વિનોદ જોશી છે. 'શિખંડી' ગીતરચનાઓનો જાણીતો સંગ્રહ છે

(D) 'રાઈનો પર્વત' ચિનુ મોદીકૃત નાટયરચના છે. 'રાઈનો પર્વત'માં જાલકા મુખ્ય સ્ત્રીપાત્ર છે

27. નીચેનામાંથી કયું જૂથ પૂરેપૂરું સુસંગત છે?

(A) લાભશંકર ઠાકર, આધુનિક કવિ, વૈદ્ય, 'અનાપશનાપ'

(B) લાભશંકર ઠાકર, 'વહી જતી પાછળ રમ્ય ઘોષા', 'નવલશા હીરજી'

(C) લાભશંકર ઠાકર, મોરનાં ઈંડાં, કોણ ?

(D) લાભશંકર ઠાકર, ગાંધીયુગના કવિ, ગઝલકાર, ગીતકાર

28. નીચેનામાંથી કયું જૂથ પૂરેપૂરું સુસંગત છે?

(A) શેકસપિયર 'મર્ડર ઈન કેથેડ્રિલ'ના કર્તા છે, શાયલોક પાત્રના સર્જક

(B) શેકસપિયરનું જાણીતું પાત્ર છે ઓથેલો. 'ડેફોડિલ્સ'ના કર્તા

(C) શેકસપિયર 'મેકબેથ'ના કર્તા છે, કવિ છે, સોનેટકાર છે

(D) શેકસપિયર ૧૯મી સદીના સાહિત્યકાર છે, 'થ્રી સિસ્ટર્સ'ના કર્તા છે

29. નીચેનામાંથી કયું જૂથ પૂરેપૂરું અસંગત છે?

(A) રામનારાયણ વિ. પાઠક, દ્વિરેફ, શેષ, સ્વૈરવિહારી

(B) રામનારાયણ વિ. પાઠક, દ્વિરેફ, 'ગુલામદીન ગાડીવાળો', 'પૃથ્વી અને સ્વર્ગ'

(C) રામનારાયણ વિ. પાઠક, સેહેની, 'કાવ્યાનુશાસન'ના કર્તા, 'કર્ણ-કૃષ્ણ'

(D) રામનારાયણ વિ. પાઠક, ખેમી, કાવ્યની શકિત, 'ઉપહાર'

30. નીચેનામાંથી કયું જૂથ પૂરેપૂરું અસંગત છે?

(A) રાજેન્દ્ર શાહ, ધ્વનિ, શાન્ત કોલાહલ, 'ગીતગોવિંદ'ના અનુવાદક

(B) રાજેન્દ્ર શાહ, જ્ઞાનપીઠ એવોર્ડ, 'શ્રાવણી મધ્યાહ્ને'

(C) રાજેન્દ્ર શાહ, 'ખખડ થતી ને ખોડંગાતી જતી ડમણી જૂની', 'કોડિયાં'

(D) રાજેન્દ્ર શાહ, બંગાલી કવિ, 'છંદોલય', ભાષાવિજ્ઞાની

31. બંને યાદીઓની વીગતો સરખાવી સાચું જોડકું જણાવો :

| યાદી–૧ | યાદી–૨ |
|---|---|
| (અ) બત્રીસ પૂતળીઓની જાણીતી વાર્તા | (૧) પદ્યવાર્તા |
| (બ) મધ્યકાલીન સાહિત્ય સ્વરૂપ | (૨) સિંહાસનબત્રીસી |
| (ક) આડકથાઓ, સમસ્યાઓ | (૩) મુખ્ય ઘટકો |
| (ડ) મહત્ત્વનો પદ્યવાર્તાકાર | (૪) શામળ |

| | | | | |
|---|---|---|---|---|
| (A) | અ | બ | ક | ડ |
| | ૨ | ૧ | ૩ | ૪ |
| (B) | અ | બ | ક | ડ |
| | ૩ | ૨ | ૨ | ૩ |
| (C) | અ | બ | ક | ડ |
| | ૪ | ૩ | ૪ | ૨ |
| (D) | અ | બ | ક | ડ |
| | ૧ | ૪ | ૧ | ૧ |

32. બંને યાદીઓની વીગતો સરખાવી સાચું જોડકું જણાવો :

| યાદી–૧ | યાદી–૨ |
|---|---|
| (અ) નવલિકા | (૧) મોપાસાં |
| (બ) ઉમાશંકર જોશી | (૨) યુરોપીય સાહિત્યપ્રકાર |
| (ક) ગુજરાતના મહત્ત્વના નવલિકાકાર | (૩) પન્નાલાલ પટેલ |
| (ડ) વિશ્વકક્ષાના નવલિકાસર્જક | (૪) 'મારી ચંપાનો વર' |

| | | | | |
|---|---|---|---|---|
| (A) | અ | બ | ક | ડ |
| | ૧ | ૩ | ૨ | ૪ |
| (B) | અ | બ | ક | ડ |
| | ૩ | ૨ | ૪ | ૨ |
| (C) | અ | બ | ક | ડ |
| | ૪ | ૧ | ૧ | ૩ |
| (D) | અ | બ | ક | ડ |
| | ૨ | ૪ | ૩ | ૧ |

33. બંને યાદીઓની વિગતો સરખાવીને સાચું જોડકું જણાવો :

| યાદી–૧ | | યાદી–૨ |
|---|---|---|
| (અ) | સુન્દરમ્ | (૧) ટૂંકી વાર્તાઓનો સંગ્રહ |
| (બ) | ‘અર્વાચીન કવિતા’ | (૨) કવિતા સાહિત્યનો ઇતિહાસ-ગ્રંથ |
| (ક) | ‘કાવ્ય મંગલા’ | (૩) ‘ત્રિમૂર્તિ’ |
| (ડ) | ‘મીનપિયાસી’ | (૪) ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર |

| | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| (A) | ૩ | ૧ | ૨ | ૨ |
| (B) | ૪ | ૨ | ૩ | ૧ |
| (C) | ૨ | ૩ | ૧ | ૩ |
| (D) | ૧ | ૪ | ૪ | ૪ |

34. બંને યાદીઓની વીગતો સરખાવીને સાચું જોડકું જણાવો :

| યાદી–૧ | | યાદી–૨ |
|---|---|---|
| (અ) | રામાયણ | (૧) અસત્નું પ્રતીક |
| (બ) | દશાનન રાવણ | (૨) સંસ્કૃત મહાકાવ્ય |
| (ક) | મા નિષાદ પ્રતિષ્ઠામ્... | (૩) અનુષ્ટુપ |
| (ડ) | વાલિયો લૂંટારો | (૪) વાલ્મીકિ |

| | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| (A) | ૨ | ૧ | ૩ | ૪ |
| (B) | ૧ | ૨ | ૨ | ૩ |
| (C) | ૩ | ૩ | ૧ | ૨ |
| (D) | ૪ | ૪ | ૪ | ૧ |

35. નંદશંકર મહેતાએ ‘કરણઘેલો’ નવલકથા લખી કારણ કે .........

(A) રાજા કરણઘેલો આદર્શ રાજવી હતો

(B) એમના સમયના સૂરતને શબ્દદેહ આપવા માગતા’તા

(C) રસેલસાહેબે એવા રોમાન્સ ગુજરાતીમાં લખવાની પ્રેરણા આપી હતી

(D) તેઓ રાજખટપટના સારા જાણકાર હતા

36. આધુનિક ગુજરાતી સાહિત્યકારો રૂપનિર્મિતિના આગ્રહી બન્યા, કારણ કે .......
(A) એથી રચના આકર્ષક બને છે એવો દૃઢ મત હતો
(B) પશ્ચિમના સાહિત્યકારોમાં એવો આગ્રહ પ્રવર્તતો હતો
(C) રૂપનિર્મિતિથી કવિયશ ઝડપથી પ્રાપ્ત થતો હતો
(D) રૂપનિર્મિતિ કલા માત્રનું પરમ સત્ય છે

37. સમસામયિક ગુજરાતી કવિતાક્ષેત્રે ગઝલરચનાઓ સફળ થઈ છે, કારણ કે .......
(A) તે સભાનું મનોરંજન ઝટ કરી શકે છે
(B) તેનો અર્થબોધ સુગમ હોય છે
(C) એની રચનારીતિ સરળ છે
(D) એના ભાવનમાં ઝાઝી સજ્જતાની જરૂર નથી

38. ગુજરાતી સાહિત્યનો વિશ્વસાહિત્ય સાથેનો સમ્પર્ક કપાઈ ગયો છે, કારણ કે .......
(A) અંગ્રેજી ભાષાનું જ્ઞાન ઓછું થવા માંડ્યું છે
(B) દેશીવાદ અને પ્રાન્તવાદનો મહિમા વધ્યો છે
(C) સાહિત્યકારોનું સર્જનસાહસ ખૂટ્યું છે અને ભાવકોની રુચિ મર્યાદિત થતી ગઈ છે
(D) તે અતિ-વ્યક્તિવાદી છે

39. નીચેનામાંથી કયું વીગતજૂથ યોગ્ય કાળક્રમમાં નથી?
(A) સુરેશ જોષી, નરસિંહ મહેતા, ભવભૂતિ, કાન્ત
(B) મારી હકીકત, રાઈનો પર્વત, ઇન્દુકુમાર, અશ્રુઘર
(C) કાન્ત, ઉમાશંકર જોશી, નિરંજન ભગત, પ્રિયકાન્ત મણિયાર
(D) ગૃહપ્રવેશ, ફેરો, પ્રિયજન, અંધારી ગલીમાં સફેદ ટપકાં

40. નીચેનામાંથી કયું વીગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે?
(A) રાવજી પટેલ, મધુ રાય, પ્રમોદકુમાર પટેલ, શિવકુમાર જોષી
(B) વસંતવિલાસ, ભરતેશ્વર બાહુબલિ રાસ, રસિક વલ્લભ, કાન્હડદે પ્રબંધ
(C) વિશ્વશાંતિ, સ્નેહમુદ્રા, બારીબહાર, અસ્તી
(D) હેમચંદ્રાચાર્ય, નરસિંહ, પ્રેમાનંદ, દયારામ

41. નીચેનામાંથી કયું વીગતજૂથ યોગ્ય કાળક્રમમાં નથી?
(A) ડાંડિયો, પ્રિયંવદા, પ્રસ્થાન, સંસ્કૃતિ
(B) ક્ષિતિજ, બુદ્ધિપ્રકાશ, વસન્ત, જ્ઞાનસુધા
(C) ગુજરાત વિદ્યાસભા, ગુજરાતી સાહિત્ય પરિષદ, સાહિત્ય અકાદમી, દિલ્હી, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર
(D) પરિષદના પ્રમુખો : ઉમાશંકર જોશી, નિરંજન ભગત, રાજેન્દ્ર શાહ, ધીરુબહેન પટેલ

42. નીચેનામાંથી કયું વીગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે?

(A) પ્રતીકવાદ, પ્રશિષ્ટતાવાદ, કૌતુકપ્રિયતાવાદ, વાસ્તવવાદ

(B) પ્લેટો, એરિસ્ટોટલ, કોલરિજ, ટી.એસ. એલિયટ

(C) ક્ષેમેન્દ્ર, ભરત, આનન્દવર્ધન, વિશ્વનાથ

(D) કાફકા, સોફોકિલસ, હેમિન્ગ્વે, તોલ્સતોય

43. નીચેનામાંથી ખરું વાકય જણાવો :

(A) રમેશ, મહેશ, કલ્પેશ, ચન્દ્રગુપ્ત – સંજ્ઞાવાચક નામો છે

(B) ખારું, પીળું, બોદું, પહેલો – ક્રિયાવિશેષણો છે

(C) નવરાત્રિ – કર્મધારય સમાસ છે

(D) કરેલું – વર્તમાન કૃદંત છે

44. નીચેનામાંથી ખરું વાકય જણાવો :

(A) તેનાથી આ કામ થતું નથી – આ કર્તરિ પ્રયોગ છે

(B) પીતાંબર, ચક્રપાણિ, ચક્રધર, વિદ્યાધર – બહુવ્રીહિ સમાસનાં દૃષ્ટાંતો છે

(C) 'પ્રતીક'માં સન્ધિ પ્રત્ + ઈક છે

(D) તે પુષ્પથી પણ કોમળ છે – આ ઉપમા અલંકારનું દૃષ્ટાંત છે

45. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરનું મુખપત્ર કયું?

(A) કંકાવટી (B) એતદ્

(C) શબ્દસૃષ્ટિ (D) પરબ

46. 'ક્ષિતિજ' સામયિકના પહેલા સમ્પાદક કોણ હતા?

(A) સુરેશ જોષી (B) જયંત પારેખ

(C) પ્રબોધ ચોકસી (D) પ્રબોધ પરીખ

નીચે આપેલા ગદ્યખંડને આધારે પૂછેલા પ્રશ્નોના ઉત્તરોમાંથી સાચા ઉત્તરનો ક્રમાંક દર્શાવો :

''બીજી કલાઓ કરતાં સાહિત્યમાં જણાઈ આવે એવી ભિન્નતા એ છે કે સાહિત્યમાં મનુષ્ય વ્યવહારની સામગ્રી પ્રવેશે છે, મનુષ્યની ભિન્ન ભિન્ન વૃત્તિઓ અને સારાંનરસાં કાર્યો ઉપાદાન તરીકે આવે છે. પાત્રોની વૃત્તિઓ સારીનરસી, પાત્રો સારાંનરસાં, કાર્યો સારાંનરસાં એવો વિવેકવિચાર સાહિત્યમાં અપરિહાર્ય છે, લગભગ એવો અપરિહાર્ય છે જેમ સૂરની કોમલતા કે રંજકતાનો વિચાર સંગીતમાં, વા પથ્થરની જાતનો વિચાર સ્થાપત્યમાં અનિવાર્ય છે, સાહિત્ય ઘણીવાર શુદ્ધઅશુદ્ધ, શુભઅશુભ કાર્યો અને વૃત્તિઓનું સંયોજન છે, એવા સંયોજનમાંથી કોઈ જીવનમૂલ્ય સ્ફુરે છે, ઊગી આવે છે. જે રીતે આકાશના રંગો, નીતિવિચારથી નિરપેક્ષ, ચિત્રમાં ઊતરી આવે અને આપણે તે જોઈ આહ્લાદ પામીએ તે રીતે વ્યવહાર જે કલામાં સામગ્રીરૂપે

આવતો હોય તેમાં બનતું નથી. પ્રજાની ભાવના કે પરંપરામાં રહેલા નીતિના સ્ફુટઅસ્ફુટ વિચારો વ્યવહારનાં કાર્યો સાથે અવિનાભાવથી સંકળાયેલા છે. અને એ સંસ્કારો સાથેનો જીવનવ્યવહાર કલારૂપ ધરે છે. સાહિત્યના સૌન્દર્યબોધમાં સ્ફુટ કે અસ્ફુટ રીતે જીવનનાં મૂલ્યો પ્રવેશ પામે છે. પામ્યા વિના રહેતાં જ નથી, અને કઈ જાતનાં જીવનમૂલ્યો કૃતિમાંથી સ્ફુરે છે તે ઉપર પણ એની મૂલ્યવત્તાનો આધાર છે. અહીં સ્પષ્ટ કરવું જોઈએ કે જીવનનાં મૂલ્યો એટલે એક સમાજ કે સમયનાં પારંપરિક મૂલ્યો નથી, પારંપરિક મૂલ્યોથી તદ્દન ભિન્ન કે વિરુદ્ધ મૂલ્યો હોઈ શકે. અને બીજું એ કે જીવનનાં મૂલ્યો સૌન્દર્યનાં ઘટક તત્ત્વો રૂપે, સૌન્દર્ય રૂપે, ઉપસ્થિત થવાં જોઈએ.''

47. સાહિત્યમાં ઉપાદાન તરીકે આવે છે :
    - (A) સૌન્દર્યબોધ
    - (B) સામગ્રી
    - (C) મનુષ્યની ભિન્ન ભિન્ન વૃત્તિઓ અને સારાંનરસાં કાર્યો
    - (D) મનુષ્યવ્યવહારની સામગ્રી અને મનુષ્યની ભિન્ન ભિન્ન વૃત્તિઓ અને સારાંનરસાં કાર્યો

48. સાહિત્ય ઘણીવાર સંયોજન હોય છે :
    - (A) જીવનનાં મૂલ્યોનું
    - (B) શુભઅશુભ કાર્યોનું
    - (C) શુદ્ધઅશુદ્ધ, શુભઅશુભ કાર્યો અને વૃત્તિઓનું
    - (D) સ્ફુટ અસ્ફુટ વિચારોનું

49. સાહિત્યના સૌન્દર્યબોધમાં જીવનમૂલ્યો પ્રવેશે છે પણ તેની રીત :
    - (A) ચિત્રમાં ઊતરી આવે એવી હોય છે
    - (B) સ્ફુટ કે અસ્ફુટ હોય છે
    - (C) સૌન્દર્યનાં ઘટકતત્ત્વો બની રહેવાની હોય છે
    - (D) સૂરની કોમળતા કે વ્યંજકતાના વિચારની હોય છે

50. પ્રસ્તુત ગદ્યખંડનો વિચારમુદ્દો છે :
    - (A) સાહિત્યનું ઉપાદાન
    - (B) મનુષ્યવ્યવહારની સામગ્રી
    - (C) જીવનનાં મૂલ્યો
    - (D) સૌન્દર્યનાં ઘટકતત્ત્વો

## ROUGH WORK

SEAL

ROUGH WORK